॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૪૫

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૭૪, ભાદરવા સુદ - ૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

જિનાજ્ઞા સમારાધક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘોમાં સાતક્ષેત્રની ખૂબ જ ઉત્તમવ્યવસ્થા પ્રાચીન કાળથી છે જેના લીધે જિનમંદિર, જિનપ્રતિમા ને લગતા સર્વે કાર્યો દેવદ્રવ્યથી ખૂબ જ સુંદર રીતે થાય છે.

સંયમી ગુરુભગવંતોને લગતા સર્વે કાર્યો ગુરુદ્રવ્ય કે વૈયાવચ્ચ અને શ્રુતજ્ઞાનને લગતા બધા જ કાર્યો જ્ઞાનદ્રવ્યની સહાયથી થાય છે. અને આ બધા જ ખાતાને લગતી ઉપજ ચઢાવા, ઉછામણી દ્વારા થતી રહે છે એવું પૂર્વજો દ્વારા સુંદર આયોજન કરેલું છે. દેવ ગુરુ પ્રત્યેની ભક્તિ અને પરમાત્માના અતિશય અને સંયમી આત્માઓના પૂણ્યબળને પ્રતાપે આ બધા જ ખાતાઓમાં ક્યારેય પણ દાન માંગવાની જરૂર પડતી નથી. પરંતુ ઉછામણી અથવા તો ભંડારના દ્વારા આ ખાતાઓમાં રકમની સતત વૃદ્ધિ થતી રહે છે અને પૂજ્ય ગુરુભગવંતની પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા શ્રીસંઘના વહીવટદારો ઉદારતા પૂર્વક દેવદ્રવ્ય, વૈયાવચ્ચ અને જ્ઞાનના સત્કાર્યો સતત કરતા રહે છે તેની હૃદયપૂર્વક અનુમોદના. આપણા જિનાલયો ખૂબ જ સુંદર-સ્વચ્છ અને સમય સમય ઉપર જીર્ણોદ્ધાર દ્વારા કળા કારીગરીમાં ઉત્કૃષ્ટ હોવાને લીધે, સમ્યક્ દર્શનને નિર્મળ કરવામાં ખૂબ જ મહત્વનો ફાળો છે.ગુરુદ્રવ્ય અને વૈયાવચ્ચ દ્રવ્ય દ્વારા ઉત્તમ ગુરુભક્તિ થતી હોવાને કારણે સંયમી આત્માઓને સ્વ-પરના આત્મકલ્યાણ માટે ખૂબ જ અનુકુળતા રહેતી હોય છે.

જ્ઞાનદ્રવ્યને લીધે આપણા જ્ઞાનભંડારો ઉત્તમ કક્ષાના ગ્રંથો દ્વારા સમૃદ્ધ હોય છે. જ્ઞાનદ્રવ્યની ઉપલબ્ધતાને લીધે પ્રભુ વીરના વચનો-વાણીને ખૂબ જ ઉચ્ચ બહુમાનપૂર્વક સંગ્રહીત અને સુરક્ષિત રાખી શક્યા છીએ અને પૂજ્યોને અભ્યાસ માટે ઉપલબ્ધ બનાવી શક્યા છીએ.

સાતક્ષેત્ર પૈકી નું કોમન સાધારણ ખાતુ દરેક સંઘમા હોય છે. જે માટે સંઘના સભ્યો પાસેથી વાર્ષિક લવાજમ અને ટીપ કરવામાં આવતી હોય છે. પરંતુ સાધારણ ખાતાઓનો મુખ્યત્વે ઉપયોગ સંઘના વહીવટ માટેના માણસોનો પગાર તેમજ વહીવટી ખર્ચ તેમજ વરઘોડા માટે બેન્ડ, બગી તેમજ સંઘ સ્વામીવાત્સલ્યમાં થતો હોય છે. અનુસંધાન પાન નં...૭ ઉપર

" दासोऽहं सर्व साधूनाम् "

લી. જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

Scanned with CamScanner

# સંવત ૨૦૭૪ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | જ્યોતિષકરંડક સટીક | પૂ.ભાવપ્રેમવિજયજી | સં | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨ | બારસા સૂત્ર (મીની સાઇઝ) | પૂ.અજિતયશવિજયજી | પ્રા | જિનાજ્ઞા આરાધક સંઘ |
| ૩ | સિદ્ધાંત દિવાકર(આ.જયઘોષસૂરિજી) | સા.દેશનાનિધિશ્રીજી | સં | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪ | ઋષિમંડલ સ્તોત્ર (લઘુ)(પ્રતાકાર) | પૂ.પ્રશાન્તવલ્લભવિજયજી | સં/ગુજ | જયંતીલાલ મોહનલાલ |
| ૫ | ગમતાનો કરીએ ગુલાલ(સૂરિવિશેષાંક) | પૂ.જ્ઞાતનંદનવિજયજી | સં/ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૬ | વીતરાગ સ્તોત્ર - ભાગ - ૧,૨ | પૂ.મનિતપ્રભસાગરજી | સં/હિં | જિનકાન્તિસાગરસૂરિ સ્મારક |
| ૭ | નિઃશ્રેયસમ્ - ૧૨ (પ્રેમપારાયણમ્ ) | પૂ.સમ્યગ્દર્શનવિજયજી | સં | હીરસૂરિજી શ્રુતજ્ઞાન ભવન |
| ૮ | પઉમચરિયમ્ ભાવાનુવાદ | આ.રત્નસંચયસૂરિજી | હિં | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૯ | ઉપદેશમાળા (રામવિજયજી ટીકા) | આ.રત્નસંચયસૂરિજી | હિં | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૦ | જ્ઞાનસાર | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૧૧ | જંબૂદ્વિપ (સચિત્ર) | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૧૨ | કલ્યાણક કેલેન્ડર | આ.અજીતશેખરસૂરિજી | હિં | અર્હમ ગ્રુપ |
| ૧૩ | મનોરથ કબ ફલેગા ? | આ.રત્નસંચયસૂરિજી | હિં | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૪ | પંચામૃત સ્વાધ્યાય | આ.રત્નસંચયસૂરિજી | હિં | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૫ | બિઝનેસ સીલેક્શન | આ.હેમરત્નસૂરિજી | હિં | અર્હદ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ |
| ૧૬ | મમ્મા કેર મી | સાધ્વીજી મ.સા. | હિં | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૭ | સુપાત્રદાન | પૂ.વિનયભૂષણવિજયજી | હિં | પરમ શ્રદ્ધેય પ્રકાશન |
| ૧૮ | ક્ષમાશ્રમણ મહાવીર | પૂ.મનિતપ્રભસાગરજી | હિં | જિનકાન્તિસાગરસૂરિ સ્મારક |
| ૧૯ | ગૌતમસ્વામી પૂજા | આ.જિનમણિપ્રભસૂરિજી | હિં | જિનકાન્તિસાગરસૂરિ સ્મારક |
| ૨૦ | કર્મ સ્વરૂપ | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૨૧ | કર્મ બંધ એવમ હમારા જીવન | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૨૨ | ક્ષયોપશમ કા થોકડા | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૨૩ | ભોગ સે યોગ કી યાત્રા | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૨૪ | પ્રજ્ઞાપના સૂત્ર કે થોકડે ભા-૧,૨ | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૨૫ | અનાર્હતનાદ | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૨૬ | સમ્મૂર્ચ્છિમ મનુષ્ય - આગમિક સત્ય | આ.રામલાલજી | હિં | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૨૭ | Know your Glorious Past | કુસુમભાઇ ગાંધી | અં. | ઉમરા શ્વે.મૂ.જૈન સંઘ |
| ૨૮ | શ્રાવક ધર્મ | આ.રાજેન્દ્રસૂરિજી | ગુજ. | શૈલેષ એન.પારેખ ની કું |
| ૨૯ | શ્રી સિદ્ધચક્ર મહાત્મ્ય | આ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | ગુજ. | આગમોદ્ધારક ફાઉન્ડેશન |
| ૩૦ | ભગવતી દેશના ભા-૧,૨ | આ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | ગુજ. | આગમોદ્ધારક ફાઉન્ડેશન |
| ૩૧ | નવપદ મહાત્મય | આ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | ગુજ. | આગમોદ્ધારક ફાઉન્ડેશન |
| ૩૨ | સાગર સમાધાન ભા-૧,૨ | આ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | ગુજ. | આગમોદ્ધારક ફાઉન્ડેશન |
| ૩૩ | મનોરથ ક્યારે ફળશે. ? | આ.રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |

Scanned with CamScanner

# સંવત ૨૦૭૪ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનું નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૪ | સખી આજ અનુપમ દિવાળી ( પંચકલ્યાણક ની ભાવ સંવેદના ) | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | સમકિત યુવક મંડળ |
| ૩૫ | શુભ લગ્ને જિન જનમિયા ( સ્નાત્ર પૂજાની ભાવ સંવેદના ) | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | સમકિત યુવક મંડળ |
| ૩૬ | અષ્ટપ્રકારી પૂજાનો મહિમા | આ.હેમેન્દ્રસૂરિજી | ગુજ. | હર્ષપુષ્પામૃત ગ્રંથમાળા |
| ૩૭ | જ્ઞાનાચારનો મહિમા | આ.હેમેન્દ્રસૂરિજી | ગુજ. | હર્ષપુષ્પામૃત ગ્રંથમાળા |
| ૩૮ | પ્રસંગ કળશ | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરાધના |
| ૩૯ | પ્રેમ અમૃત | આ.હેમચન્દ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ ટ્રસ્ટ |
| ૪૦ | સંવેગ સુધા | આ.હેમચન્દ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ ટ્રસ્ટ |
| ૪૧ | ધર્મ પરીક્ષાની વાતો | પૂ.લબ્ધિવલ્લભવિજયજી | ગુજ. | યથાર્થ પબ્લીકેશન |
| ૪૨ | પત્ર બરાબર સરનામા નું શું ? | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૩ | વન મિનિટ પ્લીઝ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૪ | ઉજવણી | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૫ | જીવનના શણગાર-અઢાર કર્તવ્ય | આ.મહાબોધિસૂરિજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૪૬ | આ અવસર્પિણીમાં એવું બન્યું | આ.મહાબોધિસૂરિજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૪૭ | ઉપસર્ગોના પહાડ તૂટ્યા | આ.મહાબોધિસૂરિજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૪૮ | ધન ધન સૂરિવરા | આ.મહાબોધિસૂરિજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૪૯ | વંદન હો સૂરિરાજને | આ.મહાબોધિસૂરિજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૫૦ | પૂ.આ.મનમોહનસૂરિનું જીવન | આ.હેમપ્રભસૂરિજી | ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૫૧ | ઉપાસના | લલિતભાઇ ધામી | ગુજ. | સાબરમતી સંગીત મંડળ |
| ૫૨ | અષ્ટમંગલ માહત્મય | પૂ.સૌમ્યરત્નવિજયજી | હિ. | શિલ્પ વિધિ પ્રકાશન |
| ૫૩ | પંચ પ્રતિક્રમણ ( વિધિ સહિત ) | પૂ.વિનયધર્મવિજયજી | હિ. | ધુરંધરવિજયજી સમાધિ મંદિર |
| ૫૪ | Being a Jain | પ્રતીક્ષા શાહ | અં. | જૈના એજ્યુકેશન - USA |
| ૫૫ | My Jain Values Journal | પ્રતીક્ષા શાહ | અં. | જૈના એજ્યુકેશન - USA |
| ૫૬ | શબ્દે શબ્દે શાસનચિંતા | આ.ચંદ્રભૂષણસૂરિજી | ગુજ. | પરમશ્રધ્ધેય પ્રકાશન |
| ૫૭ | શ્રુતસાગરના તીરે | પૂ.વૈરાગ્યરતિવિજયજી | ગુજ. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૫૮ | બાલ આનંદ કથા શ્રેણી | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મપરિવાર |
| ૫૯ | સાચી ધર્મ સગાઇ | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મપરિવાર |
| ૬૦ | અડગ સત્વ | આ.યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મપરિવાર |
| ૬૧ | સૂરિપદવી સ્વર્ણિમસ્મૃતિવાં | પૂ.પુંડરિકપ્રભવિજયજી | ગુજ. | મુક્તચંદ્ર શ્રમણ આરાધના |
| ૬૨ | થાય એના આશિક, છોડે સંસાર | પૂ.ભાગ્યયશવિજયજી | ગુજ. | પુનમિયા પરિવાર ટ્રસ્ટ |
| ૬૩ | દેહિમેં પરમેશ્વર | પં.આત્મદર્શનવિજયજી | ગુજ. | ચંપકભાઇ કૂરિયા |
| ૬૪ | હસ્તાક્ષરનું અક્ષયપાત્ર ભા-૧ થી ૬ (પૂ.પં.ભદ્રંકરવિજયજી ના હસ્તલિખિત પત્રો) | ભારતીબેન મહેતા | ગુજ. | શ્રી ભદ્રંકર જ્ઞાનદિપક ટ્રસ્ટ |



Scanned with CamScanner

# નવલુ નઝરાણું - પ્રિયમ્

શાસ્ત્રગ્રંથોના સાર રૂપ પદાર્થોનું સંકલન કરીને તત્ત્વસભર પ્રવચન ઉપયોગી તેમજ માર્ગાનુસારી અને સુસંસ્કારોને જાગૃત કરી જિનશાસન પ્રત્યેની ફરજનું નિરૂપણ કરતા બહુજન પ્રિય લોકોપયોગી વિવિધ વિષયોના નૂતન ડીજીટલ પ્રકાશિત પુસ્તકો (૩૦ પુસ્તકોની યાદી અહો શ્રુતજ્ઞાનમ્-૪૨ માં આપી હતી)

| | |
|---|---|
| અધ્યાત્મની અંજલિ | અધ્યાત્મસાર આધારિત પ્રવચન ઝલક |
| આગમઅસ્મિતા | ૪૫ આગમ અહોભાવ યાત્રા |
| અમેરિકા જતા પહેલા | અમેરિકાનું સાચું સ્વરૂપ |
| ઉપમિતીની અંજલિ ભા.૧,૨ | ઉપમિતિ આધારિત પ્રવચન ઝલક |
| ઇમોશન્સ | હૃદયની વાત |
| બ્રહ્મ Easy | બ્રહ્મચર્ય - માર્ગદર્શન |
| શ્રામણ્ય સંવાદ | સંયમી ભગવંતો માટે |
| સમતા | જીવમુક્તિની અનુભૂતિ |
| સમાધાનની અંજલિ | શ્રમણાદિ દ્વારા પુછાયેલા પ્રશ્નોના ઉત્તરો |
| સ્ટાર સ્ટોરી | બાળ વાર્તા |
| સંયમની અંજલિ | દીક્ષા મહોત્સવ - પ્રવચનો |
| ફીલિંગ્સ | પ્રવચન - ઉર્મિઓ |
| આગમ | આગમના ચૂંટેલા ક્વોટેશન |
| સંસ્કાર ABCD (હિન્દી) | સંતાનો કા સ્વર્ણિમ ભવિષ્ય |
| યહ હૈ સંસાર (હિન્દી) | સંસાર કા પર્દાફાશ (અધ્યાત્મસાર) |
| સંયમ કબ હી મિલે (હિન્દી) | મુમુક્ષુ કે હૃદય કી બાત ઉસકે માતા પિતા કો |
| ડિલે ઇસ ડેન્જરસ (હિન્દી) | અભી નહીં તો કભી નહીં |
| લવ યુ ડોટર (હિન્દી) | બેટી કે લિયે All in One લાઇફ કોર્સ |

ઉપરોક્ત ડીજીટલ પ્રીન્ટીંગના પુસ્તકો પૂજ્ય ગુરુભગવંતોને ભેટ મળશે. જે માટે પત્ર લખવા વિનંતી છે. પત્ર Whatsapp થી પણ મોકલી શકાશે. શ્રાવકોને સોફ્ટકોપી માટે ahoshrut.bs@gmail.com ઉપર Email કરવા વિનંતી છે.જેથી PDF ફાઇલ Email થી મળશે. અથવા આ બધા જ પુસ્તકો ડાઉનલોડ કરવા માટે મો. ૯૪૨૬૫૮૫૯૦૪ ઉપર Whatsapp અથવા Email કરવા વિનંતી જેથી તેની લીંક મોકલી આપીશું.

-: પ્રકાશક :-
અહો શ્રુતમ્
શાહ.બાબુલાલ સરેમલજી બેડાવાળા



Scanned with CamScanner

# સરસ્વતી પુત્રોને વંદના

## પૂજ્ય ગચ્છાધિપતિ આ.શ્રી પૂણ્યપાલસૂરિજી મ.સા. દ્વારા સંપાદિત શ્રી પાર્શ્વ અભ્યુદય પ્રકાશન દ્વારા પ્રકાશિત થનારા પ્રશ્નોત્તર ગ્રંથો

| ક્રમ | વિક્રમ સંવત | ગ્રંથનું નામ | ગ્રંથાકાર |
|---|---|---|---|
| ૧ | ૧૧મી શતાબ્દિ | પ્રશ્ન પદ્ધતિ | પૂ.પંડિત શ્રી હરિચન્દ્ર ગણિ |
| ૨ | ૧૬મી શતાબ્દિ | હીર પ્રશ્ન | પૂ.કીર્તિવિજય ગણિ |
| ૩ | ૧૬મી શતાબ્દિ | સેન પ્રશ્ન | પૂ.પં.શુભવિજય ગણિ |
| ૪ | ૧૬૯૭ | વિશેષ શતકમ્ | પૂ.ઉપા.સમયસુંદરવિ.ગણિ |
| ૫ | ૧૮૬૮ | પ્રશ્ન ચિંતામણી (પૂર્વાધ) ઉત્તરાર્ધ | પૂ.પંડિત વીરવિજયજી |
| ૬ | ૧૮૭૫ | વિચાર રત્નસાર | પૂ.પં.દેવચન્દ્રજી મહારાજા |
| ૭ | ૧૯૩૮ | ગપ્પ દીપિકા સમીર | પૂ.આ.વલ્લભસૂરિજી મ.સા. |
| ૮ | ૧૯૪૫ | જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તરી | પૂ.આ.શ્રી આત્મારામજી મહારાજા |
| ૯ | ૧૯૫૨ | પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી | સુશ્રાવક અનુપચંદ મલુકચંદ |
| ૧૦ | ૧૯૫૯ | પ્રશ્નોત્તર પ્રદીપ | પૂ.મુ.શ્રીલક્ષ્મી વિ.મ.સા. |
| ૧૧ | ૧૯૬૩ | પ્રશ્નોત્તર પુષ્પમાળા | પૂ.મુ.શ્રી હંસવિજયજી મ.સા. |
| ૧૨ | ૧૯૬૫ | પ્રતિક્રમણ પ્રશ્નોત્તર ભા-૧ | સુશ્રાવક ગુલાબચંદ શામજી કોરડીયા |
| ૧૩ | ૧૯૮૩ થી ૯૫ | વિવિધ પ્રશ્નોત્તર ભા-૧,૨ | પૂ.આ.શ્રી દાનસૂરિજી મ.સા. |
| ૧૪ | | લબ્ધિ પ્રશ્ન ભા-૧,૨ | પૂ.આ.શ્રી લબ્ધિસૂરિજી મ.સા. |
| ૧૫ | ૧૯૯૬ | પ્રશ્નોત્તર ભાસ્કર | પૂ.પં.શ્રી પ્રીતિવિજયજી ગણિ |
| ૧૬ | ૧૯મી શતાબ્દિ | પ્રેમ-ભુવન પ્રશ્નોત્તર પુષ્પમાળા | સૂરિપ્રેમના પરમભક્તો-પિંડવાડા(પ્રકાશક) |
| ૧૭ | ૧૯૯૭ | પ્રશ્નોત્તર ત્હોત્તેરી (૭૩) | પૂ.ઉપા.શ્રી જંબૂવિજયજી મ.સા. |
| ૧૮ | ૨૦૧૩ | પ્રશ્નોત્તર શતવિંશિકા | પૂ.ઉપા.શ્રી જંબૂવિજયજી મ.સા. |
| ૧૯ | ૨૦૧૬ | જિનપૂજા પ્રશ્નોત્તરી | પૂ.પં.શ્રી ચરણવિજયજી મ.સા. |
| ૨૦ | | આયંબિલ પ્રશ્નોત્તરી | પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિ |
| ૨૧ | ૨૦૧૮ થી ૨૦૪૨ | પ્રશ્નોત્તર કર્ણિકા ભા-૧,૨ | પૂ.આ.શ્રી રવિચન્દ્રસૂરિજી મ.સા. |
| ૨૨ | ૨૦૩૮ | પ્રશ્નોત્તર સુધા | પૂ.આ.શ્રી અમૃતસૂરિજી મ.સા. |
| ૨૩ | ૧૯૮૭ | સાદાને સરલ પ્રશ્નોત્તર ભા-૧ થી ૪ | સુશ્રાવક કુંવરજી આણંદજી |
| ૨૪ | ૨૦૦૬ | પ્રશ્નોત્તર રસધારા | સુશ્રાવક કુંવરજી આણંદજી |
| ૨૫ | ૨૦૪૩ થી ૨૦૬૫ | શંકા-સમાધાન ભા-૧,૨ | પૂ.આ.શ્રી રાજશેખરસૂરિજી મહારાજા |

પૂજ્ય ગુરુભગવંતો તથા વિદ્વાનો દ્વારા હસ્તપ્રતોનું સંશોધન-સંપાદન કરીને ઘણા બધા ગ્રંથોનું કાર્ય થતું રહે છે. જેની હૃદયપૂર્વક અનુમોદના. આપના સમુદાય કે ગ્રુપમાં સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોનું અથવા તો તેના અર્થ, વિવેચન કે ભાવાનુંવાદનું કાર્ય થઇ રહ્યુ હોય તો તેની વિગત તુરત જ અમોને મોકલવા વિનંતી છે, જેથી પુનરાવર્તન ન થાય. આ વર્ષે પ્રકાશિત પુસ્તકોની વિગત પણ તુરત જ મોકલશો જેથી આગામી અહો ! શ્રુતજ્ઞાનમ્ અંક નં - ૪૬ (આ વર્ષનો અંતિમ) આસો સુદ-૫ માં પ્રકાશિત કરી શકાય.



Scanned with CamScanner

# 7 Ways of ભાવશ્રુત સુરક્ષા - પ્રિયમ્

શ્રુતરક્ષાનો અર્થ છે. શ્રુતની પરંપરાને અવિચ્છિન્ન રાખવી.

શ્રુતની પરંપરાને અવિચ્છિન્ન રાખવાનો સર્વોત્કૃષ્ટ પ્રકાર છે, યોગ્ય આત્મામાં યોગ્ય જ્ઞાનનો વિનિયોગ કરવો.

પુસ્તકો ને પ્રતોમાં જ્ઞાન સચવાઇ રહે એ શ્રુતરક્ષાનો ઉદ્દેશ્ય પણ હકીકતમાં તો **શ્રુતરક્ષા છે, જ્ઞાનનો વિનિયોગ** : જો એ ન થાય તો માત્ર દ્રવ્ય શ્રુતની આવૃત્તિઓ થતી જાય, તેનો શો અર્થ રહેશે ?

જ્ઞાનભંડારો, પાઠશાળાઓ, જ્ઞાનશિબિરો અને પ્રવચનસભાઓના સ્તરે શ્રીસંઘની કથળતી દશા પુરવાર કરે છે કે ભાવશ્રુતની બાબતમાં આપણી કેટલી બધી ઉપેક્ષા છે !

**ભાવશ્રુતની ઉપેક્ષા એ જ આપણી હજારો સમસ્યાનું મૂળ છે.**

**ભાવશ્રુતની અપેક્ષા : એ જ એ સમસ્યાઓનું સમાધાન છે. ભાવશ્રુત એ જ દ્રવ્યશ્રુતનું ફળ છે. ભાવશ્રુત એ જ દ્રવ્યશ્રુતનો ઉદ્દેશ્ય છે.**

પુસ્તક-પ્રતનું જ્ઞાન મનમાં આવે ને મનનું જ્ઞાન જીવનમાં આવે. તે જ ઉત્કૃષ્ટ શ્રુતરક્ષા છે. **What Can you do ? Here are Some Ways**

(૧) તમારા ઘરે રહેલા પુસ્તકોને ચાર પ્રકારમાં વહેંચી દો.

- અન્યધર્મી પણ સમજી-સ્વીકારી શકે તેવા
- અપ્રબુદ્ધ જૈન સમજી-સ્વીકારી શકે તેવા
- પ્રબુદ્ધ સમજી-સ્વીકારી શકે તેવા
- સંયમી ભગવંતોને ઉપયોગી થાય તેવા

તમારા હાથે તે તે વ્યક્તિઓને તે તે પુસ્તકો આપી દો (આ પુસ્તકો ગીતાર્થ ગુરુભગવંતોના હોવા જોઇએ.)

(૨) તમારા વિસ્તારમાં થતા/ રિચેબલ ડીસ્ટન્સમાં થતા ગુરુભગવંતોના વિશિષ્ટ પ્રવચનો અને જ્ઞાનશિબિરોની માહિતિ રાખો અને લોકોને તેમાં જોડવાનો પ્રયત્નો કરો. તમારા વાહનમાં લોકોને ત્યાં લાવવા લઇ જવાનો ભાવ રાખો.

(૩) ગુરુભગવંતોના પુસ્તકોની ઓપન બુક એકઝામ કે જૈન કોર્સ એકઝામની માહિતી રાખો અને લોકોને તેમાં જોડવાનો પ્રયાસ કરો, લોકો અને પુસ્તકાદિ, પ્રાપ્તિસ્થાન વચ્ચે કડી બનો.

(૪) પાઠશાળામાં સક્રિય ફાળો આપો. તેનું સ્તર ઊંચું આવે, તેનો એક એક વિદ્યાર્થી ચુસ્ત ગુણવાન જૈન બને તે માટે તમારી બધી તાકાત લગાડો. પાઠશાળાનો સિલેબસ, એમ્બીશિયન્સ, સિસ્ટમ, એટ્રેક્શન, ડિસિપ્લીન, એડમિનિસ્ટ્રેશન, એકઝામ આ બધામાં હાઇ ક્વોલીટી આવે તેવો પ્રયાસ કરો. સંઘની નાની-મોટી કોઇપણ વ્યક્તિ પાઠશાળાથી વંચિત ન રહે તેવો પ્રયાસ કરો.

(૫) સંઘના જ્ઞાનભંડારને વ્યવસ્થિત અને આકર્ષક બનાવો, રોજ કમ સે કમ અડધો કલાક વાચક સુવિધા માટે ફાળવો. લિસ્ટનું સામાન્ય જ્ઞાન રાખીને

વાચકને ઉપયોગી પુસ્તકો કાઢી આપવામાં ઉપયોગી બનો. સંઘના ઘરે ઘરે જ્ઞાનભંડારના વાચકો હોય એવો પ્રયાસ કરો.

(૬) જ્ઞાની ગુરુભગવંતોનો યોગ થાય ત્યારે તેમની અનુકૂળતાનુસાર તત્ત્વજ્ઞાનના સ્પેશિયલ ક્લાસ (વાચના) રખાવો અને યોગ્ય જીવોને તેમાં જોડો.

(૭) ગુરુ ભગવંતોને જ્ઞાનાર્જન માટે પ્રોત્સાહિત કરો, તેમના અભ્યાસની જાણકારી રાખો અને તેમને જોઇતા પુસ્તકો જ્ઞાનભંડારથી પહોંચાડવા દ્વારા તેમને મદદરૂપ બનો.

તમારો અભ્યુદય, તમારા પરિવારનો અભ્યુદય અને શ્રીસંઘનો અભ્યુદય ભાવશ્રુતથી જ થઇ શકે છે. આ શ્રુતરક્ષા એ આપણી પોતાની રક્ષા છે. આપણા સ્વર્ણિમ ભાવિનું સર્જન છે.

---

અનુસંધાન પાન નં...૧ ઉપરથી તેથી સંઘના અન્ય કાર્ય માટે સાધર્મિક ભક્તિ, પાઠશાળા, આયંબીલશાળા વગેરે માટે જુદી જુદી ટીપ થતી હોય છે. અને તેને લીધે એક ખાતામાં વધારો હોય ત્યારે બીજા ખાતામાં ઘટાડો પણ જોવા મળતો હોય છે. આમ એક જ ક્ષેત્રમાં જુદા જુદા ખાતાની ટીપ કરવામાં વધુ જરૂરીયાતવાળા ખાતાના કાર્યમાં કરકસર કરવી પડે છે. અને બીજા ખાતામાં સરપ્લસ હોવાથી બીન જરૂરી ખર્ચ થાય છે.

આપણા આગમ અને પ્રકરણ ગ્રંથો પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં છે જ્યારે આપણો શ્રાવક વર્ગ આ ભાષા જાણતો નથી. આપમા સંયમી ગુરુભગવંતો પ્રાકૃત, સંસ્કૃત ભાષાનો તલ સ્પર્શી અભ્યાસ કરીને આ બધા જ ગ્રંથોમાં રહેલ પ્રભુ વીરની શ્રુતગંગા રૂપી વાણીનું દોહન કરીને આપણી ભાષામાં વ્યાખ્યાન કે પુસ્તક રૂપે રજુ કરે છે. જેના લીધે આપણને જૈન દર્શનના, તત્ત્વજ્ઞાન, આચાર વગેરેનું જ્ઞાન થાય છે. પરંતુ ઉપકારી એવા આ ગુરુભગવંતોના અભ્યાસ માટે સંઘોમાં પ્રાયઃ વ્યવસ્થા નહીંવત છે. સંયમી ગુરુભગવંતોને ભણાવવા પંડિતજીના પગાર વગેરે માટેની વ્યવસ્થા તેમના ગુરુએ જ કરવી પડતી હોય છે. અને તે માટેના ખર્ચ માટે પણ તેઓએ સંસારી સગા કે ભક્તવર્ગ પાસેથી દ્રવ્યની વ્યવસ્થા કરવી પડતી હોય છે. પૂજ્ય ગુરુભગવંતોના અભ્યાસ માટે પોતાની ફરજ સમજીને યોગ્ય વ્યવસ્થા કરવા માટેની સંઘની ભાવના હોવા છતાં તે માટે દ્રવ્યનું કોઇપણ આયોજન સંઘમાં કરેલ હોતું નથી.

સંઘોમાં શ્રાવક-શ્રાવિકાના ક્ષેત્ર માટેની જુદી જુદી ટીપ થાય છે. તેના બદલે ફક્ત એક જ સર્વસાધારણ કે શુભ ખાતાની ટીપ કરીને એક જ ફંડ રાખવાનું (દેવ-ગુરુ અને જ્ઞાન સિવાય) વિચારી શકાય જેના લીધે સર્વે શુભ કાર્યો માટેનું એક જ ફંડ હોય તો પૂજ્ય સાધુ-સાધ્વીજીને ભણાવવા તેમજ પંડિતો કે વિદ્વાનોને જૈન દર્શનના ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃતિ કે પગાર માટેનો ખર્ચ પણ તેમાંથી આપી શકાય. બીજા ફીરકામાં એક જ ફંડની પદ્ધતિ અમલમાં હોવાથી પૂજ્યોના સ્વાધ્યાય-અભ્યાસ અને શ્રાવક-શ્રાવિકાઓના અભ્યાસ માટે ખૂબ જ જાગૃતિ જોવા મળે છે. અને જ્ઞાનાભ્યાસ માટે જરૂરી રકમ ફાળવ્યા બાદ જ બાકીની રકમથી સંઘનો વહીવટ થતો હોય છે. પૂજ્ય ગીતાર્થ ગુરુભગવંતો આ અંગે યોગ્ય માર્ગદર્શન પુરુ પાડે એવી અભ્યર્થના....

Scanned with CamScanner

## સમ્યક્ શ્રુત પ્રચાર-પ્રસાર

**જ્ઞાનભંડાર સંકલન સેતુ :-** તપાગચ્છીય પ્રવર સમિતિ દ્વારા બનાવેલ જ્ઞાનભંડારની સમિતિ દ્વારા બધા જ જ્ઞાનભંડારોને ફોર્મ મોકલ્યા છે. તે મળેલ ફોર્મ તુરત જ ભરીને પરત મોકલવા વિનંતી છે. બધા જ જ્ઞાનભંડારોનું એડ્રેસ ,ફોન નંબર સાથેની યાદી તૈયાર કરીને બધા જ પ્રકાશકો અને ગુરુભગવંતનો મોકલવામાં આવશે અને તેને લીધે નૂતન પ્રકાશિત પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રકાશકો મોકલી શકશે. જ્ઞાનભંડારોને સમૃદ્ધ અને શ્રુતજ્ઞાનમાં અપડેટ મેળવવા માટે જ્ઞાનભંડારનું ફોર્મ બહુ જ ઉપયોગી બનશે.

**વિનંતી :-** અહો ! શ્રુતજ્ઞાનમ્માં આગામી અંકમાં પ્રકાશિત કરવા યોગ્ય માહિતી-શ્રુતજ્ઞાનને લગતા લેખ પણ મોકલવા આમંત્રણ છે. પૂજ્ય ગુરુભગવંતો દ્વારા મળેલી માહિતી માર્ગદર્શનને અનુસાર અહો ! શ્રુતજ્ઞાનમ્ પ્રકાશિત થાય છે. નૂતન પ્રકાશિત થતાં પુસ્તકો અને થઇ રહેલ સંશોધન-સંપાદનની વિગત દસ વર્ષથી અહો ! શ્રુતજ્ઞાનમ્ ના ૪૫ અંકો દ્વારા શ્રુતભક્તિથી આપને મોકલવામાં આવે છે. તે અંકો આપ કાયમી સંદર્ભ માટે રાખી શકો છો. આપને જરૂર ન હોય તો યોગ્ય શ્રાવકોને અને જ્ઞાનભંડારને આપી શકો છો. નહીંતર અમોને પરત પણ મોકલાવી શકાશે પરંતુ પરઠવશો નહીં.

**સહયોગ આપશો :-** પૂજ્ય ગુરુભગવંતો અને શ્રાવકોને જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ ગ્રંથો અને હસ્તપ્રતની વિગત શ્રુતજ્ઞાન, જ્ઞાનભંડાર, પ્રકાશક અંગેની તેમજ પારિષ્ઠાપનિકા સમિતી અને વૈયાવચ્ચ ભક્તિ અંગેની જોઇતી માહિતી માટે પત્ર લખવા વિનંતી. પત્ર વોટ્સએપ કે ઇમેઇલથી મોકલી શકાશે, જેથી દરેક પત્રનો યોગ્ય પ્રત્યુત્તર આપી શકાય

**ક્ષમાપના :-** પૂજ્ય ગુરુભગવંતો દ્વારા મળેલ શ્રુતજ્ઞાનને લગતી બધી જ માહિતી અહો શ્રુતજ્ઞાનમ્ મેગેઝીનના માધ્યમે આપને મોકલવામાં આવે છે તેમજ સંપાદકીય લેખ અને બીજા પણ લેખ દ્વારા જિનાજ્ઞાને લક્ષ્યમાં રાખીને માહિતી-વિચારો રજૂ કર્યા છે. તેમાં કોઇપણ પ્રરૂપણા શાસ્ત્ર વિરુદ્ધ થઇ હોય અથવા જાણતા અજાણતા આપને દુઃખ થયું હોય તો મન વચન કાયાથી **મિચ્છામિ દુક્કડમ્**

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર**
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org



Scanned with CamScanner